સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

**૧૦ મે - ૨૦૨૫**

સંપાદક : **મધુસૂદન દેસાઈ**
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪

# જય અનાવિલ

પી.ડી.એફ. ફોરમેટ
પી.ડી.એફ. ફોરમેટ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂ. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂ. ૧૦૦૦/- ❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂ. ૫૦/-




## અનાવિલ સમાજ ની પ્રવૃતિઓ






# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

૨૧૫, મગન મહલ, કોર્ટ લેન, એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.
મો.: ૯૧૩૭૧૨૧૬૭૮
મુંબઈ પબ્લીક ટ્રસ્ટ નોંધણી નં. A-632 (Mumbai)

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

215, મગન મહલ, રિદ્ધિ પ્રેમાઇસીસ, કોર્ટ લેન, સર એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ)
મુંબઈ-400069. મો.ન. 9137121678 ટે.ન.: 35418681
મુંબઈ પબ્લિક ટ્રસ્ટ નોંધણી નંબર :A -632(Mumbai)

### સમાજની હાલની કાર્યવાહક સમિતિની 2025 થી 2028ના 3 વર્ષ માટે ચૂંટણી અંગેની જાહેરાત

સમાજની હાલની કાર્યવાહક સમિતિ (2022-2025)ની મુદત પુરી થતી હોઈ, ઉપરોક્ત સમાજના બંધારણ મુજબ સમાજની કાર્યવાહક સમિતિમાં પેટ્રનવિભાગમાં 2(બે) અને આજીવન સભ્યમાંથી કુલ 18(અઢાર) વાર્ષિક સભ્યોમાંથી 1(એક) કુલ 21 સભ્યોની આગામી (2025-2028) ના ત્રણ વર્ષ માટે ચૂંટણી કરવાની થાય છે ચૂંટણી અધિકારી નીચે મુજબ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરે છે. ચૂંટણી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી સોમવાર અને જાહેર રજાના દિવસો સિવાય ઓફિસના સમયમાં કરવામાં આવશે.
ચૂંટણી નિયમ પ્રમાણે કાર્યવાહક સમિતિના સભ્યની ચૂંટણીનો કાર્યક્રમ

| | |
|---|---|
| ચૂંટણીનુ ઉમેદવારીપત્રક કાર્યાલયમાંથી કાર્યાલયના સમય દરમ્યાન મેળવવું તથા ભરીને પાછું આપવું : | તા.17.05.2025 થી 22.05.2025 |
| ઉમેદવારીપત્રકની ચકાસણી તેમજ યાદીનીજાહેરાત: | તા.24.05.2025 સાંજે 4.00 થી 5.30 વાગ્યા સુધી |
| ઉમેદવારીપત્રક પાછું ખેંચવાની તારીખ : | તા.25.05.2025 થી 26.05.2025 સાંજે 4.00 વાગ્યા સુધી |
| ઉમેદવારોની અંતિમ યાદીની જાહેરાત કરવી : | તા. 26.05.2025 સાંજે 4.30 વાગે |
| ચૂંટણી : ચૂંટણી કરવાની આવશ્યકતા રહેશે તો મતદાન :<br>ચૂંટણીનું સ્થળ : | તા. 01.06.2025 બપોરે 3.00 થી 5.00 વાગ્યા સુધી<br>215, મગન મહલ, રિદ્ધિ પ્રેમાઇસીસ, કોર્ટ લેન, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ 400069 |
| મતગણતરી અને પરિણામની જાહેરાત : | તા.01.06.2025 સાંજે 5.30 વાગે |

ચૂંટણી અધિકારી: શ્રી ગૌતમ યશવંતરાય દેસાઈ (તા. 30.04.2025)

## સમાજ ના બેન્ક ખાતાની વિગત

## ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**ફોરેન ના દાતાઓ માટે**
**બેંક એકાઉંટસની વીગત**

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)
PURPOSE CODE : P1303
૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી
એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧.
એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪,
આઈએફએસસી કોડ : SBIN0000691
SWIFT : SBININBB104

**બેંક એકાઉન્ટ :**
**બેંક ઓફ ઇડિયા**
એસ.એસ.આઇ. અંધેરી,
મથુરીયા એપાર્ટમેન્ટ,
૪૯ સર એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૬૯.
બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪
આઈ.એફ.એસ.સી. : બીકેઆઈડી૦૦૦૦૦૯૦

## Advertisement for Vacancy in Hostel :

Hostel facilities for students, irrespective of Cast & creed is available at

- Chitrakut CHS Ltd., Kandivali (East) - (5 Girls Students)
- Vikram CHS Ltd., Kandivali (East) - (9 Boys Students)

Interested students are required to Contact Mrs. Poonam Desai on Mobile No. 9137121678 during office hrs.

## નમ્ર નિવેદન

શ્રી અનાવિલ સમાજ મુંબઈએ હોસ્ટેલ માટે કાંદીવલી પૂર્વ મુકામે ત્રણ નવા ફ્લેટ હાલમાં લીધેલ છે. હજુ પાંચ ફ્લેટ લેવા માટે ફંડની ખૂબ જરૂર છે. હાલમાં બીજા બે ફ્લેટ લેવા ફંડ ઓછું પડે છે. સમાજનાં અગ્રગણ્ય દાતાઓ આગળ આવે અને સમાજને આર્થિક રીતે દાન આપી સહાયરૂપ થઇ તો બહારગામના વિદ્યાર્થીઓ જે મુંબઈ ભણવા માટે આવતા હોઇ છે તેમને મદદરૂપ થઇ શકાય. સૌ સમાજ ના જ્ઞાતિજનોને આ બાબતમાં તન–મન–ધનથી સહકાર આપવા વિનંતી.

લિ. કિરણભાઈ દેસાઇ – પ્રમુખ
અનાવિલ સમાજ મુંબઈ

## અભિનંદન

નવસારી વકીલ મંડળના પૂર્વ એડવોકેટ અને (સ્વ. ઠાકોરભાઈ એમ. દેસાઈના સુપુત્ર) અને હાલમાં Principal District Judge ફરજ બજાવતા શ્રી ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈના ના. ગુજરાત હાઈકોર્ટમાં નિમણુંક થઇ છે જેનું નું Govt. of. india નોટીફીકેશ આજરોજ બહાર પાડવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં તેઓ ના. ગુજ.હાઈકોર્ટમાં હાઇકોર્ટ જજ તરીકે પદ સંભાળશે. It's a pround to be an anavil.




**Desai Foundation has received award for best community service from SGCCI. Congrats to Kiranbhai & his Foundation. Kiranbhai is president of Shree Anavil Samaj, Mumbai**

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

૨૧૫, મગન મહલ, કોટ લેન, એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

અનાવિલ જ્ઞાતિજનોના વિદ્યાર્થીઓ જેઓએ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા (વર્ષ ૨૦૨૪–૨૫) ૭૫ ટકાથી ઉપર પાસ કરી હોય તેઓએ તા.૩૧.૦૫.૨૦૨૫ સુધીમાં સમાજના વ્હોટ્સએપ નંબર ૯૧૩૭૧૨૧૬૭૮ પોતાનો ફોટો, માર્કશીટની કોપી, નામ, સરનામા સહીત મોકલી આપે. જે જય અનાવિલ માસિકના આગામી અંકમાં પ્રસિદ્ધ કરીશું.

લિ. શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

## આસમાની શમણાંઓ આંખોમાં પૂરતી,

આસમાની શમણાંઓ આંખોમાં પૂરતી,
આસમાની શમણાંઓ આંખોમાં પૂરતી,
પગની બેડીઓને ઝાંઝર બનાવતી,
મુશ્કેલી હોય ભલે પારાવાર,
લાવીશ હું સ્વની સમજણથી બહાર.
હુ આજની નાર.
સંબંધોની આટૂધૂટીઓ ઉકેલવા મથું,
સહુની પ્રેમથી જોડવામાં સમજુ,
ઘરમાં ને ઓફિસમાં સંતુલન જાળવતી.
બાળકોને પતિ વડીલોને સાચવતી,
બધાને જોવામાં ખુદને પણ ભૂલતી,
હું આજની નાર.
સદિઓથી સ્વના કર્તવ્ય પથ પર અડગ,
હકને ભૂલી ફરજો નિભાવતી.
નરની અર્ધાંગિની બની કદમની કદમ મિલાવીને,
ડગ માંડીને સમજણ કેરા,
જીવન રાહ સુમધુર બનાવી ચાલતી.
હું આજની નાર.

– શ્વેતા મનીષ મહેતા, સુરત

ટૂંકમાં કહું તો વ્યક્તિના વિચાર અને વાણી દ્વારા કરેલા કર્મો જ એને એક પ્રેમની હૂંફ આપે છે. વ્યક્તિ પોતાના સકારાત્મક વિચારો, મધુર વાણી અને સદ્વર્તનને વળગીને રહેશે તો વ્યક્તિને તેના ફળ સ્વરૂપે સન્માન, પ્રતિષ્ઠા અને પ્રેમની હૂંફ મળતી જ રહે છે.

નિત નિત કરૂં સારા કર્મ, નિભાવી લઉં માનવ ધર્મ,
ચોંટી રહે છે હંમેશા કરેલા કર્મ, કર્મમાં જ રહેલો છે જીવનનો મર્મ

# મનની શાંતી માટેના સાત નિયમો

આજે સ્વસ્થ જીવન માટે આર્યુવેદ અને ભારતીય તત્વજ્ઞાનને મહર્ષિ – યોગીજીની સંસ્થાઓ અને અન્ય તત્વ ચિંતકો, મનોચિકિત્સકો નવિન રીતે રજુ કરી રહ્યા છે.

મનની શાંતી માટેના સાત નિયમો નીચે પ્રમાણે છે.

**૧. ધર્મનો નિયમ :** આપણે આ વિશ્વમાં છીએ તેનું કોઈને કોઇ કારણ ચોક્કસ છે. આપણે દરેકે આ કારણની ખોજ કરવાની છે. અને પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો છે.

**૨. તટસ્થતાનો નિયમ :** ઇચ્છા કરવાની ભાવનાનો ત્યાગ કરો. માત્ર ફળની આસક્તિથી જાતને અલગ કરી દો.

**૩. ઉપદેશ અને ઇચ્છાનો નિયમ :** બ્રહ્માંડના અસ્તિત્વથી અલગ નથી. તમારી ઇચ્છા અને ઉપદેશના સ્તર પર એ નિર્ભર કરી છે. કે, તમે અનંત કામની ઘટનાઓને સફળતામાં કઇ રીતે પરિવર્તિત કરી શકશો.

**૪. કર્મનો નિયમ :** તમારા કર્મનુ કરજ ચૂકવીને તમે પ્રતિકૂળ પરિસ્થિતીને અનુકૂળ બનાવી શકો. જે કોઇ ઘટનાઓ તમારી આસપાસ બની રહી છે તેના પ્રત્યે સજાગ રહો.

**૫. ન્યૂનતમ પ્રયાસનો નિયમ :** વ્યક્તિ કે પરિસ્થિતિ જેવી હોય એવી સ્વીકારો. સમગ્ર બ્રહ્માંડ જેવું હોવું જોઇએ તેવું જ છે. આ ક્ષણ પણ જેવી હોવી જોઇએ એવી જ છે. થોડા પ્રસાય કરો તો સમૃધ્ધિ અને સંતોષ પ્રાપ્ત થશે.

**૬. દાનનો નિયમ :** દાન આપવાની કે લેવાની આનંદ આપતી હોવી જોઇએ. લોહી સતત ફરતું રહે તો જ જીવનશક્તિનો પ્રવાહ વહેતો રહે. દાનની ભાવના આનંદદાયી, જીવનદાયી અને જીવન વિકાસ કરનારી ભાવના છે.

**૭. ક્ષમતાનો નિયમ :** આપણા શરીરમાં વ્યાપ્ત પવિત્ર ચેતનાને સમજવા રોજ થોડો સમય મૌન રહેવું. નિયમિત રીતે ધ્યાન, યોગ, આધ્યાત્મિક ચિંતન, શિવજી મહાદેવીની સેવા, તમારી પવિત્રતાને વધારશે અને શક્તિ આપશે.

**ભાવાર્થ :** જાગૃતિ સંયમ, દક્ષતા, સાવધાની, ધીરજ, મોન અને આધ્યત્મિક ચિંતન, સમજી વિચારીને કર્મનો પ્રારંભ કરવો. આ ગુણો જીવનની સફળતા – ઉન્નતિ અને એકાગ્રતાને ઉપર લઈ જશે.

**સંકલન – મધુસુદન દેસાઈ**






# વાર્તા - જીવનની ઘટમાળા

**આજે માણસ હતાય હોય છે ત્યારે તેની કિંમત સમજાતી નથી તેની હયાતી બાદ તેની યાદ સતાવે છે.**

તારી હયાતીમાં સુખ દુઃખને માણતાં હવે તારી છબીને રોજ વંદન કરું છું ! હાર ચઢાવું છું !

જીવનની ઘટમાળ કેવી છે જ્યારે માણસ હયાત હોય છે ત્યારે જીવનમાં લીલી સુકીમાં એક બીજાના સહભાગી બનીયે છીએ. સુખ અને દુઃખો ને મન મેળથી હટાવી- ભોગવી શકીયે. માણસના ગયા પછી તેની યાદ સતાવે છે. જીવનની યાત્રાઓ તીર્થદર્શન પ્રવાસ યાદ આવે છે. વારંવાર તું ગાતી એક પ્રાર્થના :

જેવો તેવો પણ તારો હાથ પકડ પ્રભુ !
તારે ભરોસે જીવન નભતું, મારું !


મન હું ચંચળ જ્યાં ત્યાં ભમતું. તને અચાનક પ્રભુએ બોલાવી દીધી હવે હું એકલવાયું જીવ જીવું છું. તારી છબીને રોજ નિહાળુ છું. તારૂ નિત્ય હસતું વંદન જોવું છું. તારી છબી જોઇને લીલી વાડીને યાદ કરું છું. કારણ કે દિલડાની વાતો તો ક્યાં જઈને કહીયે ? ક્યાં જઇ હૈયું ઠાલવીયે આ જગમાં તારી યાદોમાં અમે જીવીયે રે. તારી છબીમાં સંસ્મરણો ગાઈએ રે.

દુઃખમાં તારી છબી સામુ જોઈ મનને મનાવી દવ છું. વારંવાર તું કહેતી કે ચિંતા શું કરો છો હું તમારી સાથે છું ને ! આજે આ વાક્યો યાદ આવે છે. જિંદગીમાં માણસને જીવન સાથીનો એક માત્ર સહારો હોય છે. સહારો તૂટે એટલે જિંદગી અધુરી થઇ જાય છે. માણસ હયાત હોય છે ત્યારે લોકોને તેની કિંમત સમજાતી નથી. પણ હયાતી બાદ તેનું મૂલ્ય સમઝાય છે. મૃત્યુ તો મંગલમય હોય છે. સદ્‌ગત સ્વજનના પવિત્ર આત્માની પાછળ ગાયના પૂછડે પાણી રેડવાનો રિવાજ છે. ૧૩ દિવસનો ધાર્મિક ખર્ચ ગૌશાળામાં

આપવાથી વૈકુંઠ સુખ મળે છે. સદ્ગાદીની પાછળ ઘરમાંજ સાંજે સમૂહ પ્રાર્થના મૃતાત્માને શાંતિ આપે છે.

જીવને જગત સાથેનો સંબંધ કાંચો છે. પરમાત્મા સાથેનો સંબંધ સાચો છે. જીવ ઇશ્વરનો અંશ છે. સગાવહાલા કામ ચલાઉ નિમીત છે. માણસો પત્ની કે પતિને મારૂ સમઝે છે. તે જીવ આખરે એક દિવસ પ્રભુને ઘેર જવાનો છે. જીવાત્મા મારું ઘર મારું ઘર એમ બોલે છે પણ ઘર એક દિવસ છોડવું પડે જ છે. જીવન એક ધર્મશાળા છે. ગમે ત્યારે આ ધર્મશાળા છોડવી પડવાની.

**સંકલન – મધુસુદન દેસાઈ**



## નારાયણભાઈ દેસાઈની પુત્રી પ્રખર ગાંધીવાદી સંઘમિત્રાબેનનું નિધન

વાલોડ વિદ્યાપીઠ ખાતે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયના સંઘમિત્રાબેન નારાયણભાઈ દેસાઈ (ગાડેકર)નું ગત ૨૮મીએ અવસાન થયું હતું. સંઘમિત્રાબેન ઉર્ફે ઉમાબેન દેસાઈએ ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણભાઈ દેસાઈના પુત્રી હતા. સંઘમિત્રાબેન દાદા અને પિતાના પગલે સંપૂર્ણ ગાંધી વિચારોથી જોડાયા હતા. તેઓએ એક ગાંધીવાદી તરીકે તેમની ઓળખ ઉભી કરી હતી. તેમનો જન્મ તા. ૨૪ ઓગસ્ટ, ૧૯૪૮ના રોજ થયો હતો. તેમના અંતિમ સંસ્કાર વેડછીના સ્મશાનમાં કરવામાં આવ્યા હતા. તેમના જીવનસાથી અને પરમાણુ વિરોધી કાર્યકર્તા ડા.સુરેન્દ્ર ગાડેકર સાથે પ્રકૃત્તિને વિપરીત અસર કરનાર પ્રોજેક્ટો સામે લડત ઉપાડી હતી. તેઓ સજીવ ખેતીના પ્રખર હિમાયતી હતા. છેલ્લે તેઓ તાપી જિલ્લામાં વ્યારાની સરકારી હોસ્પિટલમાં ખાનગીકરણના વિરોધમાં પણ જોડાયા હતા. સંઘમિત્રાબેન આ ઉંમરે પણ સતત રેંટિયો પર સૂતર કાતવાની નિત્ય પ્રવૃત્તિ જારી રાખી હતી.

# ગણદેવીના તલિયારા ગામના મૌલિક નાયક ગુજરાતમાં ટોપ ટેનમાં પાંચમા ક્રમે આવ્યા.



ગુજરાત નેશનલ ઇન્સ્યોરન્સ કંપનીના ના વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જેમણે સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉલ્લેખનીય સુંદર કામ કર્યું છે એવા ટોપ ટેન પ્રીમિયમ વાઇસ એજન્ટોનું લિસ્ટ જાહેર કર્યું છે એમાં ગણદેવી તાલુકાના તાલિયારા ગામના રહીશ અને બીલીમોરાથી નેશનલ ઇન્સ્યોરન્સ કંપનીમાં કાર્યરત ઉત્સાહી એજન્ટ એવા મૌલિકભાઈ કાર્તિકભાઈ નાયક સમગ્ર ગુજરાત રાજ્યના ટોપ ટેન ઘોષિત થયેલ એજન્ટોમાં ગુજરાત રાજ્યમાં પાંચમા ક્રમે આવી આગવી સિદ્ધિ હાંસલ કરી છે શ્રી મૌલિકભાઈ નાયક ખૂબ જ સેવાભાવી અને માનવતાવાદી અભિગમ સાથે લાયન્સ ઇન્ટરનેશનલના વિવિધ હોદ્દાઓ પર રહી ચૂકયા છે અને અનાવલ સ્થિત જય શુકલેશ્વર મહાદેન મંદિર ટ્રસ્ટના પણ તેઓ ખૂબ જ સક્રિય ટ્રસ્ટી છે ગણદેવી અનાવેલી સમાજના પણ સેવા કાર્યો કરી કારોબરામાં આગવા રહ્યા છે અનેકવિધ સેવાકીય સહકારી અને રોટરી, લાયન્સ ડિસ્ટ્રિક્ટ કલબ સાથે રહી આગવું સેવા કાર્ય કરી રહ્યા છે આ સિદ્ધિ હાંસલ કરવા બદલ તેમને ગણદેવી પીપલ્સ બેંક, વિવિધ સહકારી સંસ્થાઓ, ઇન્સ્યોરન્સ કંપનીના ઉચ્ચ અધિકારીઓ તરફથી હાર્દિક શુભકામનાઓ સાથે અભિનંદન આપ્યા હતા. બીલીમોરાના પૂજા ગાંધી ટોપ ટેનમાં દસમા ક્રમે છે જ્યારે સુરતના ગ્રુપ જાની દ્વિતીય ક્રમે છે પ્રથમ ક્રમે અમદાવાદના બીદજલ પંચાલ છે તૃતીય ક્રમે ભાવિકા ત્રિવેદી મહેસાણાના છે. ભાવનગરના નેહા વાસવાની છે અને ગોધરાના મીના મોટવણી સાતમા ક્રમે છે આઠમા ક્રમે જૈમીન વ્યાસ અને દસમા ક્રમે વાપીના ગોપાલ વાનખેડે છે આમ મૌલિકભાઈ નાયક આગવી સિદ્ધિ સાથે તેમના સિદ્ધિઓના સોપાનમાં એક ઔર મોરપીંછ સાથે આવ્યા છે.

સંકલન - મધુસુદન દેસાઈ

# સાભાર - સ્વીકાર

## લાઈફ મેમ્બરર્સ

| | | |
|---|---|---|
| ૧૮.૪ | કેવલ આર. દેસાઈ - | ૧,૦૦૦/- |

## જય અનાવિલ જાહેરખબર

| | | |
|---|---|---|
| ૦૯.૪ | ચેતના દેવાંગ દેસાઈ - વિલે પાર્લા (વે) (ડીફકો ઇન્વેસ્ટમેન્ટ) | ૨,૦૦૦/- |
| ૧૪.૪ | ઓક્યુલસ આઈ હોસ્પીટલ-વિલે પાર્લા (વે) (મધુસૂદન દેસાઈના પ્રયત્નોથી) | ૩૦,૦૦૦/- |
| ૨૩.૪ | હરક્યુલીસ પીગમેન્ટ પ્રા. લી.-અંધેરી (મધુસૂદન દેસાઈના પ્રયત્નોથી) | ૩૦,૦૦૦/- |

## એજ્યુકેશન ફંડ

| | | |
|---|---|---|
| ૨૩.૪ | રૂપલ કીર્તીકુમાર દેસાઈ - ટેક્ષાસ | ૧,૨૫,૦૦૦/- |

## એજ્યુકેશન ફંડ (ગત અંકનો સુધારો)

| | | |
|---|---|---|
| ૨૭.૩ | ભરત હરીપ્રસાદ મલીયા અને તરૂલત્તા બી. મલીયા સુપુત્ર સ્વ. જયેશ બી. મલીયા ની ૨૧મી પુણ્યતિથી નિમિત્તે - અંધેરી (વે) | ૧૫,૦૦૦/- |

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

સમુદ્રની મહાનતા એમાં જ છે કે પોતે સેંકડો નદી-નાળાં કરતાં નીચો છે તેથી બધાં જ નદી-નાળાં તેનામાં સમાઇ જાય છે. બીજાને આગળ રાખનાર માણસ દુ:ખી થતો નથી !

# અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| અટકપારડી/વલસાડ | હસમુતિ મગનલાલ દેસાઈ | ૦૧.૦૪.૨૫ |
| સુરત | સંગીતાબેન રાજેશભાઈ દેસાઈ | ૦૧.૦૪.૨૫ |
| સોનવાડા/બોરીવલી | પ્રમોદભાઈ રમણભાઈ દેસાઈ | ૦૧.૦૪.૨૫ |
| ડુંગરી/મલાડ | સુનીતિબેન શશીકાંત દેસાઈ। | ૦૧.૦૪.૨૦૨૫ |
| કાલીયાવાડી | કુસુમબેન હર્ષદરાય દેસાઈ | ૦૨.૦૪.૨૫ |
| હરિયા/ગોગરાવાડી | તેજલબેન અમીતભાઈ દેસાઈ | ૦૧.૦૪.૨૫ |
| વેગામ/સુરત | ભાનુબેન નટવરલાલ દેસાઈ | ૦૨.૦૪.૨૫ |
| હરીયા | કુસુમબેન છોટુભાઈ નાયક | ૦૩.૦૪.૨૫ |
| પરીયા/બોરીવલી | ઇંદુબેન (નીરૂબેન) હરરાય દેસાઈ | ૦૪.૦૪.૨૫ |
| મોરાઈ/કાંદીવલી | અચ્યુત (નિલેશ) અર્જુનભાઈ દેસાઈ | ૦૪.૦૪.૨૫ |
| ઉમરસાડી | પુષ્પાબેન છોટુભાઈ દેસાઈ | ૦૪.૦૪.૨૫ |
| કાલિયાવાડી | કૈલાશબેન અમૃતલાલ દેસાઈ | ૦૫.૦૪.૨૫ |
| ગણદેવા/બીલીમોરા | ગિરીશચંદ્ર દુર્લભજી મહેતા | ૦૪.૦૪.૨૫ |
| સાંકી | જાગૃતિબેન અર્જુનભાઈ નાયક | ૦૬.૦૪.૨૫ |
| ટુકવાડા/બોરીવલી | મણીબેન નવિનચંદ્ર દેસાઈ | ૦૬.૦૪.૨૫ |
| તલીયારા/નવસારી | ઇશ્વરભાઈ મણીભાઈ નાયક ઓડિટર | ૦૮.૦૪.૨૫ |
| સુરત | ભારતીબેન ગુલાબભાઈ દેસાઈ | ૦૭.૦૪.૨૫ |
| વકતાણા | અનિલભાઈ રણછોડભાઈ મહેતા | ૦૮.૦૪.૨૫ |
| એરૂ | મહેશભાઈ ઉર્ફે રસુભાઈ મગનલાલ દેસાઈ | ૦૮.૦૪.૨૫ |
| કડોદરા | મધુબેન ભાસ્કરભાઈ દેસાઈ | ૦૯.૦૪.૨૫ |
| બીલીમોરા | હિરેનભાઈ અરવિંદભાઈ દેસાઈ | ૦૮.૦૪.૨૫ |
| દેલાડવા/સુરત | સરલાબેન હસમુખલાલ દેસાઈ | ૦૮.૦૪.૨૫ |
| ટુકવાડા/પારડી | ધનસુખભાઈ ઝીણાભાઈ દેસાઈ | ૧૦.૦૪.૨૫ |
| ખડકી/બોરીવલી | નટવરલાલ રઘનાથજી વશી | ૧૦.૦૪.૨૫ |
| વલવાડા/બોરીવલી | મનહરભાઈ છોટુભાઈ દેસાઈ | ૧૦.૦૪.૨૫ |
| વડોદરા | પ્રેરણાબેન જયેશભાઈ દેસાઈ | ૦૭.૦૪.૨૫ |

| | | |
|---|---|---|
| હોન્ડ | ભાવનાબેન નવલકિશોર દેસાઈ | ૦૯.૦૪.૨૫ |
| કઠોલી/નવસારી | સુરેશચંદ્ર દયાળજી વશી | ૦૯.૦૪.૨૫ |
| પારડી/ભદોલી | સુંદરલાલ ઝીણાભાઈ દેસાઈ | ૧૦.૦૪.૨૫ |
| વડદલા/સુરત | હસમુખભાઈ ભીમભાઈ નાયક | ૧૧.૦૪.૨૫ |
| કસ્બાપાર | શાંતાબેન ગુલાબભાઈ નાયક | ૧૨.૦૪.૨૫ |
| કડોલી | જુગણ હરીશભાઈ દેસાઈ | ૧૧.૦૪.૨૫ |
| સુરત | કુસુમબેન રમેશભાઈ દેસાઈ | ૧૦.૦૪.૨૫ |
| કડોદરા/અમેરીકા | હેમલતાબેન કિશોરભાઈ નાયક | ૧૦.૦૪.૨૫ |
| વેગામ | મનુભાઈ હરીભાઈ નાયક | ૧૧.૦૪.૨૫ |
| પરિયા/અંધેરી | જયંતીલાલ શાંતિલાલ દેસાઈ | ૧૫.૦૪.૨૫ |
| ધમડાછા | સુરેખાબેન (શકુંતલાબેન) રણજીતરાય નાયક | ૧૪.૦૪.૨૫ |
| તલંગપુર/સુરત | હર્ષદભાઈ મગનલાલ દેસાઈ | ૧૫.૦૪.૨૫ |
| મજીગામ | હેમાબેન (ઉષાબેન) હરીશભાઈ દેસાઈ | ૧૫.૦૪.૨૫ |
| ચીખલા | દિનેશભાઈ મગનલાલ દેસાઈ | ૧૫.૦૪.૨૫ |
| ઇચ્છાપોર/અમેરીકા | જયંતિભાઈ (બચુભાઈ)નાનુભાઈ દેસાઈ | ૦૮.૦૪.૨૫ |
| તરમાલિયાસિલવાસા | રાકેશભાઈ મનુભાઈ દેસાઈ | ૧૮.૦૪.૨૫ |
| ઓળિયા | જયાબેન મનસુકભાઈ દેસાઈ | ૧૭.૦૪.૨૫ |
| તાલિયારા/અમેરીકા | કુમુદબેન મનુભાઈ દેસાઈ | ૧૫.૦૪.૨૫ |
| સચીત | કૈરવ દેવેનભાઈ દેસાઈ | ૧૬.૦૪.૨૫ |
| ઓરવાડ/પારડી | ધીરીબેન ભગવાનજી દેસાઈ | ૨૦.૦૪.૨૫ |
| પોસરી/સુરત | ઠાકોરભાઈ મણીભાઈ વશી | ૨૧.૦૪.૨૫ |
| કછોલી/અમેરીકા | પ્રતિમાબેન કૌશિકકુમાર વશી | ૧૯.૦૪.૨૫ |
| વેસ્મા/સુરત | રાજેન્દ્રભાઈ મનુભાઈ દેસાઈ | ૨૨.૦૪.૨૫ |
| ડુંગરી/વાપી | શૈલેષભાઈ નીછાભાઈ દેસાઈ | ૨૩.૦૪.૨૫ |
| ગુંદલાવ | રંજનબેન સમુંતરાય દેસાઈ | ૨૨.૦૪.૨૫ |
| કોસમાડી | કુસુમબેન દોલતરાય દેસાઈ | ૨૨.૦૪.૨૫ |
| ચીખલી/બીલીમોરા | શરદભાઈ દિનકરરાય દેસાઈ | ૨૨.૦૪.૨૫ |
| પુણી | ચંદ્રકાંતભાઈ છગનભાઈ નાયક | ૨૩.૦૪.૨૫ |

| | | |
|---|---|---|
| વલસાડ | નિલાબેન (મધુબેન) બળવંતભાઈ દેસાઈ | ૨૩.૦૪.૨૫ |
| સુરત | દિલીપકુમાર અમૃતરાય દેસાઈ | ૨૩.૦૪.૨૫ |
| ડુંગરી/વિલેપાર્લા | મહેશ ભગવાનજી (ભગુભાઈ) દેસાઈ | ૨૬.૦૪.૨૫ |
| નવસારી | સુધાબેન સુમંતભાઈ દેસાઈ | ૨૫.૦૪.૨૫ |
| ચણોદ/દિલ્હી | કંચનબેન ધીરૂભાઈ પટેલ | ૨૬.૦૪.૨૫ |
| આટ/એથાણ | અરૂણાબેન જશવંતરાય દેસાઈ | ૨૬.૦૪.૨૫ |
| વાપી/પારડી | વિકાસભાઈ સુરેશચંદ્ર દેસાઈ | ૨૭.૦૪.૨૫ |
| ડુંગરી/વાપી | હેમાબેન હર્ષદભાઈ દેસાઈ | ૨૭.૦૪.૨૫ |
| પડકીભંગાડા/સુરત | ચંદનબેન પ્રફુલચંદ્ર દેસાઈ | ૨૭.૦૪.૨૫ |
| આમરી | બીપીનચંદ્ર (ભુરીયા) ગુલાબભાઈ નાયક | ૨૭.૦૪.૨૫ |
| પોંસરા/સુરત | આશાબેન (અમિતાબેન) નટવરલાલ વશી | ૨૬.૦૪.૨૫ |
| નવસારી | બલ્લુભાઈ લલ્લુભાઈ નાયક (કાની) | ૨૬.૦૪.૨૫ |
| ટુકવાડા/મીરારોડ | ભૂરીબેન વસંતરાય દેસાઈ | ૨૮.૦૪.૨૫ |
| સોનવાડા/મુંબઈ | રાજેશ પર્વતરાય દેસાઈ | ૩૦.૦૪.૨૫ |
| ધમડાચી/વલસાડ | શરદભાઈ (મંગો) મનુભાઈ દેસાઈ | ૩૦.૦૪.૨૫ |
| કનસાડ/ | નરેન્દ્રભાઈ ગુલાબભાઈ નાયક | ૩૦.૦૪.૨૫ |
| ચીખલી/બરોડા | સ્વ.અનુપમભાઈ ડી. દેસાઈ | ૦૬.૦૫.૨૫ |
| ખરસાડ | સ્વ.કેવલ ઇન્દ્રજીત દેસાઈ | ૦૨.૦૫.૨૫ |

# જીવનનાં માર્ગે કઇ રીતે ચાલવું

માણસો પાસેથી શીખી એક દિવસ વાવાઝોડું અને પવન પણ ઝઘડવા લાગ્યાં કે સૌથી વધુ ઉપયોગી કોણ? બંને વચ્ચે સમાધાન ન થયું તો નારદમુની વચ્ચે આવ્યાં. તેમણે કહ્યું, તમે એક કામ કરો, સામે પેલું વડનું ઝાડ દેખાય છે ને? તેની પરિક્રમા કરી પરત આવો. એટલે તમને આપોઆપ જવાબ મળી જશે. વાવાઝોડું તો આ વાત સાંભળી દોડયું અને સેકન્ડોમાં જ પાછું આવી ગયું. પણ સાથે સાથે ધૂળ, પાંદડા અને કચરો લઇને આવ્યું. પવન ધીની ગતિએ પરિક્રમા કરવાં લાગ્યો અને જ્યારે પરત આવ્યો ત્યારે સાથે સુગંધ લેતો આવ્યો.

# તા. ૧૩.૦૪.૨૦૨૫ થી તા. ૧૨.૦૫.૨૦૨૫
# સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૧ | મે ૨૦૨૫
* શુભ દિવસ

## વૈશાખ વદ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૦૭ શ્રી મંગલમ્ સૂ.અ.૧૯.૦૩ |
|---|---|---|---|---|
| ૧ | મંગળ | ૧૩ | વિશાખા | નારદ જયંતી, વિંછુડો |
| *૨ | બુધ | ૧૪ | અનુરાધા | વિંછુડો, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ |
| *૩ | ગુરૂ | ૧૫ | જયેષ્ઠા | કળીના શ્રૃંગારનો પ્રા., વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૧૪.૦૮) |
| ૪ | શુક્ર | ૧૬ | મૂળ | સંકષ્ટચતુર્થી, ચંદ્રોદય ૨૨.૨૮ |
| ૫ | શનિ | ૧૭ | પૂ. ષા. | શ્રી જલારામ મંદિર (ભુલેશ્વર) અને ભુવનેશ્વરી માતા મંદિર (ગોંડલ) નો પાટોત્સવ (ચંદ્ર-મકર : ૨૪.૦૪) |
| ૬ | રવિ | ૧૮ | ઉ. ષા. | ષષ્ઠી વૃદ્ધિ તિથિ, બુધ પૂર્વાસ્ત, મધ્યમ રાહુ કુંભમાં – કેતુ સિંહમાં ૧૯.૦૭ |
| ૬ | સોમ | ૧૯ | શ્રવણ | સપ્તમી ક્ષય તિથિ, વૈધૃતિ મહાપાત ૧૦.૧૯ થી ૧૫.૩૦ |
| ૮ | મંગળ | ૨૦ | ધનિષ્ઠા | કાલાષ્ટમી, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૭.૩૬) |
| ૯ | બુધ | ૨૧ | શત. | પંચક |
| *૧૦ | ગુરૂ | ૨૨ | પૂ. ભા. | પંચક (ચંદ્ર-મીન : ૧૨.૦૮) |
| *૧૧ | શુક્ર | ૨૩ | ઉ. ભા. | અપરા એકાદશી (કાકડી), અમૃત. યોગ ૧૬.૦૩ થી સૂ. ઉ. |
| *૧૨ | શનિ | ૨૪ | રેવતિ | શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૩.૪૯) |
| ૧૩ | રવિ | ૨૫ | અશ્વિની | શિવરાત્રિ, સૂર્ય રોહિણીમાં ૯.૩૨ |
| ૧૪ | સોમ | ૨૬ | ભરણી | દર્શ / સોમવતી અમાવસ્યા, વટસાવિત્રી વ્રત (અમાવસ્યા પક્ષ), શનૈશ્વર જયંતી, શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (પોરબંદર) નો ઉત્સવ (ચંદ્ર-વૃષભ : ૧૩.૪૨) |
| ૩૦ | મંગળ | ૨૭ | રોહિણી | ભાવુકા અમાવસ્યા, પ્રતિપદા ક્ષય તિથિ, ગંગા દશહરા પ્રારંભ |
| ૨ | બુધ | ૨૮ | મૃગ. | ચંદ્ર દર્શન (ચંદ્ર-મિથુન : ૧૩.૩૯) |
| *૩ | ગુરૂ | ૨૯ | આર્દ્રા | મહારાણા પ્રતાપ જયંતી, રાહુ કુંભમાં- કેતુ સિંહમાં ૨૪.૫૫ |
| ૪ | શુક્ર | ૩૦ | પુન. | વિનાયક ચતુર્થી (ચંદ્ર-કર્ક : ૧૫.૪૪) |
| *૫ | શનિ | ૩૧ | પુષ્ય | શુક્ર મેષમાં ૧૧.૩૪, વ્યતિ. મહા. ૧૧.૫૪ થી ૧૭.૩૯ શ્રીનાથજીનો નાવ મનોરથ (નાથદ્વારા) |
| *૬ | રવિ | ૧ | આશ્લે. | જુન : સ્કંદ ષષ્ઠી (ચંદ્ર-સિંહ : ૨૧.૩૯) |
| *૭ | સોમ | ૨ | મઘા | – |
| ૮ | મંગળ | ૩ | પૂ. ફા. | દુર્ગાષ્ટમી |
| ૯ | બુધ | ૪ | ઉ. ફા. | હરિ જયંતી (ચંદ્ર-કન્યા : ૭.૩૭) |
| *૧૦ | ગુરૂ | ૫ | હસ્ત | ગંગા દશહરા સ., શ્રી યમુનાજીનો ઉત્સવ |
| *૧૧ | શુક્ર | ૬ | હસ્ત | નિર્જળા (સ્માર્ત) એકાદશી (કેરી), ગાયત્રી જયંતી, બુધ મિથુનમાં ૯.૨૯ (ચંદ્ર-તુલા : ૨૦.૦૮) |
| ૧૨ | શનિ | ૭ | ચિત્રા | નિર્જળા (ભાગવત) / ભીમ એકાદશી (કેરી), દ્વાદશી વૃદ્ધિ તિથિ, બકરી ઈદ, ચંપક દ્વાદશી, બુધ પશ્ચિમોદય |
| *૧૨ | રવિ | ૮ | સ્વાતિ | પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, સૂર્ય મૃગશીર્ષમાં ૭.૧૯, વાહન શિયાળ, પુ. સ્ત્રી., સુ. સુ. |
| *૧૩ | સોમ | ૯ | વિશાખા | વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૮.૫૧) |
| ૧૪ | મંગળ | ૧૦ | અનુરાધા | વ્રત/વટ પૂર્ણિમા, સ્નાન યાત્રા, વિંછુડો |
| ૧૫ | બુધ | ૧૧ | જયેષ્ઠા | કબીર જયંતી, વટસાવિત્રી વ્રતના પારણા, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૨૦.૧૨) |

**માલ લેવાનું મુહૂર્ત** : અશ્વિની, ચિત્રા, સ્વાતિ, શ્રવણ, શત., રેવતિ એ નક્ષત્રોમાં શુભ છે.
**માલ વેચવાનું મુહૂર્ત** : ભરણી, કૃતિકા, આશ્લેષા, પૂ.ફા. વિશાખા, પૂ.ષા. એ નક્ષત્રોમાં શુભ

જો તમે દૃઢ સંકલ્પ અને પૂર્ણતા સાથે કામ કરશો તો સફળતા અવશ્ય મળશે.

# મોબાઇલ

વર્તમાન સમયમાં મોબાઇલ એક ઘરનો સભ્ય બની ગયો છે. મોબાઈલના અમુક ઉપયોગ સારા હોય છે. મોબાઇલ ના ઉપયોગ વિશેનો આપણો ધ્યેય નિશ્ચિત હોય તો એનો સકારાત્મક ઉપયોગ કરી શકાય છે. કેવળ મનોરંજન માટે જ મોબાઇલ નથી. પણ મોબાઇલ ના માધ્યમે શું જોવું, શું વાંચવું, કયું જ્ઞાન મેળવવું, વિગેરે એ આપણા મનના વિચારો પર અવલંબિત રહે છે. ઘણા લોકો કલાકો ના કલાકો ફોન પર વાતો કરતાં હોય છે. પણ ફેસ ટુ ફેસ એટલી વાતો કરતાં  હોતા નથી. વાસ્તવિક જગત સાથે જોડાયેલો વ્યક્તિ જ જીવનમાં લાગણીઓ ને સમજીને સાચા અર્થમાં જીવી શક્તો હોય છે. પોતાના હિતની સમજ કેળવી શકનાર અને એ પ્રમાણેનું આચરણ કરનાર વ્યક્તિ  જ મોબાઇલ નો સકારાત્મક ઉપયોગ કરીને પોતાના જીવનને નિખારી શકે છે. મોબાઇલ ને લીધે વ્યક્તિ માનવીય સંબંધોથી વિમુખ થતો જાય છે. મોબાઇલ તમે ચાહો એવો પ્રતિભાવ આપે છે જ્યારે આપણું જાગૃત મન અને આપણા સ્નેહી આપણા હિતમાં સાચું જ્ઞાન આપતા હોય છે. સાચા હિતના જ્ઞાન અને સમજથી જ આપણે મોબાઇલ નો સાચો સદુપયોગ કરીને આપણા જીવનને સાર્થક બનાવી શકીએ છીએ. મોબાઇલ એ સગવડ નું સાધન માત્ર છે એ જીવન નથી.

શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઇંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

**ક્રોશેલ-૪૭૦**

**ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો**

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.



એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

- એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
  ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
- મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન
  વગર આધુનિક પદ્ધતિથી થશે.



- ઝામર, રેટિના (પડદા)ના
  નિષ્ણાત ડૉક્ટર મળશે.
- સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
- વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાશા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૦૦૯૪૧૫૨

સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો
માટે લેટેસ્ટ ટોપકોન,
ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન)
મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ
માં ઉપલબ્ધ

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - સંપાદક


**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org



### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-



**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેક્ટરીની સામે,
અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.